## ‘તખુની વાર્તા’ વિશે | નવનીત જાની

[**‘તખુની વાર્તા’**, અજિત ઠાકોર, નવભારત પ્રકા., ૨૦૦૬, પૃ. ૧૦+૯૪, કિં. રૂ. ૭૫]

અજિત ઠાકોરના પ્રથમ વાર્તાસંગ્રહ ‘તખુની વાર્તા’માં તખુના તરુણાવસ્થાના – યુવાવસ્થાના વિવિધ ભાવપક્ષો વાર્તાનો વિજય બનીને આવ્યા છે. વીસમી સદીના આરંભે જોવા મળતું જગત ઘણા પલટા ખાઈને વિછિન્નતા ભણી જઈ રહ્યું છે. વૈશ્વિક અને ભારતીય ઉભય સ્તરે પરંપરિત મૂલ્યો, માન્યતાઓ અને વિચારસરણીઓ કસોટી ઉપર છે. વિલાયતી દવાઓ, ખાતરો, ટ્રૅક્ટરો – થ્રેસરો, હાઇબ્રિડ બિયારણ આવતા ખેતી પર વ્યાપારીકરણના વાઘા ચડવા લાગ્યા છે. નાનાં ગામડાંઓ પણ ધીમે ધીમે બજારવાદ- ઉપભોક્તાવાદની લપેટમાં આવી રહ્યા છે. આવા કાળમાં આજનો સંવેદનશીલ માનવી પોતાને એકાકી, નિરર્થ, અસફળ અને મૂળસોતો ઊખડેલો અનુભવે જ.

સામંતશાહી જમાનામાં માનપાન મેળવતો એક જાતિવિશેષ વર્ગ રજવાડાના વિલીનીકરણની ઝપટે ચડી ગયો. સાલિયાણાં ગયાં. જમીનટોચ- મર્યાદાએ જાગીરદારોના હિંડોળા-ખાટ ઉખાડી નાખ્યાં. બાપદાદાનો ગરાસ ગયો પણ પેલો કેફ ન ઉતારી શકાયો. પૂર્વેના માનમોભા ગુમાવી સાંપ્રત સમાજમાં ઓશિયાળાં રહેવાની નોબત આવી. પરિણામે હતાશા અને કુંઠાઓએ ઘર ઘાલ્યાં. પીડા કરતાં વધુ તો બધું છૂટી ગયાનો વસવસો, રોષ અને એમાં જ રાચતા રહેવાની શાહમૃગી વૃત્તિ જીવતરનો હિસ્સો બની ગયાં. ‘નખ’ વાર્તામાં એક જગ્યાએ તખુ કહે છે, ‘‘મારા બાપુજી કે’તા : આપણે તો દિલ્લીના રાજા પૃથ્વીરાજ ચૌહાણના વંશજ. ડોડગઢ જીતેલો એટલે ડોડિયા કહેવાયા. સોંસક, બરકસ ને સેગવા એ ત્રણ ગામના ધણી હતા અમે. દાદા ફેંટો બાંધી સાલિયાણાં લેવા જતા... જવાહરની છોકરી ઇંદિરાએ દગો દઈ સાલિયાણાં બંધ કર્યાં.’’ (પૃ. ૪૫) છૂટી ગયેલા ભવ્ય ભૂતકાળ સાથે આવી પડ્યું છે જે – અભાવ, અલગાવ, મૂલ્યસંક્રમણ અને કૌટુંબિક-સામાજિક સંબંધોમાં પ્રવેશી ગયેલી શુષ્કતા વગેરે ‘તખુની વાર્તા’નું ભાવવિશ્વ છે.

‘પોપડો’ વાર્તામાં બાપદાદાનું જૂનું ઘર વેચવા બેઠેલા ભાઈઓ અને સગાંના સ્વાર્થપણા, લુચ્ચાઈને વાર્તાકથક તખુ બહુ નજીકથી નિહાળે છે. ‘એ તો બા’રનો બા’ર છે, એને હું પૂછવાનું ?’ – કહીને કોઈ એને પોતાનાં ઘર-વતન માટે પોતે ઘણો અજાણ્યો–પરાયો થઈ ગયો છે. ‘ભીંગારો’ વાર્તા તખુના વયસંધિકાળના આવેગ અને જિજ્ઞાસાને તાકે છે. અહીં જે રીતે તખુની પ્રેમભ્રાંતિનો ભીંગારો ખરી પડે છે ને એની લાગણીને ઠેસ પહોંચે છે એ જોતા કિરીટ દૂધાતની વી. એમ. વાર્તા યાદ આવી જાય છે. ‘ગૂમડું’ વાર્તામાં ખેતર વેચવાની વાત છે. ભાઈઓને પોતપોતાના વ્યવસાય ઠીક કરવા છે. સૌની એક આંખ બાપે બચાવેલા ખેતર ઉપર છે તો બીજી આંખ તખુની આવક ઉપર. લાગણીનો શૂન્યાવકાશ એવો કે, નાયકને ઘૂંટણે થયેલી નાની ફોલ્લી એને ઘર આખામાં ગંધાતાં ગૂમડાંનો અનુભવ કરાવે છે. અપેક્ષાના ભારથી દબાયેલો વાર્તાનાયક આખા ઘર માટે ઇચ્છાપૂર્તિનું સાધનમાત્ર થઈને રહી ગયો છે એનું સંકુલ આલેખન વાર્તાને આસ્વાદ્ય બનાવે છે. ‘ભમરી’ આ સંગ્રહની એક ઉત્તમ વાર્તા છે. ગલાલબાને મન તેજુબા ‘ભમરી’થી વિશેષ કશુંય નથી. ગલાલબા અને તેજુબા વચ્ચે રહેંસાતા તખુ માટે એ અણધાર્યો આંચકો છે, જ્યારે એ જાણે છે કે તેજુબા એની સગી મા છે. તેજુબાના અવસાન બાદ, ગલાલબાના કહ્યે બાપુજી દ્વારા પોતાના ફોટા પર ભમરીનું દર ઉખેડાતું એ જોઈ રહે છે. ‘પોપડી ભેગું ઊડી પડ્યું એવું ઇયળ બચ્ચું અમળાતું’ – એ અંતિમ વાર્તાવાક્યના સંકેત દ્વારા તખુની પીડા અને વિચ્છિન્નતાનું બયાન થયું છે. ‘ભમરી’ વાર્તામાં રજૂ થયેલી માનવમનની કુંઠાનું અનુસંધાન જાળવતી વાર્તા છે ‘કરેણ.’ ગુલાલબા – તેજુબા વચ્ચેના સંબંધોમાં પ્રવેશેલાં દ્વેષ-વહેમ-અંધશ્રદ્ધાને કારણે માત્ર કરેણને જ ઊખડવાનું નથી આવ્યું, એક વ્યક્તિ પણ જીવનરસમાંથી ઊખડી ગઈ છે, આ વાર્તા બાદ ‘ભમરી’ વાર્તા વાંચતાં આપણને એ સહજ સમજાય છે. અહીં કરેણ તૂટતા જતા સંબંધોનું પ્રતીક બને છે. ‘માવઠું’ વાર્તા અવૈધ સંબંધથી વિશેષ – એવા કોઈ સંબંધ પારના સ્મૃતિગત સંવેદનને કારણે ઊભી થતી નીતિમત્તાના ટેકે ટકેલી વાર્તા છે. ભાભી સાથેના શારીરિક સંબંધમાંથી કથાનાયક ઊગરી જાય છે એ માત્ર ને માત્ર ભાભીને કારણે જ. આવેગમય પળે દિયરે ભાભીના કાનની બૂટ પસવારી ન હોત તો શક્ય છે ભાભીએ એને ધક્કો મારી દૂર હડસેલ્યો ન હોત. કાનની બૂટ દબાવતા દિયરમાં ભાભીને એના નાનાભાઈની ઝાંખી થાય છે. એ સ્મૃતિની ટશર અને બીજી ક્ષણે સ્વસ્થતા આણી ઉભય પક્ષે ઊગરી જવાની ક્ષણની આ વાર્તા છે.

‘અંગૂઠો’, ‘રજોટી’ અને ‘રીવેટ’ એક ગોત્ર – વસ્તુસંધાન ધરાવતી વાર્તાઓ છે.

જૂનાં માન-મોભા ભાંગતા એક વર્ગ જાણ્યે-અજાણ્યે સત્તા અને ચૂંટણીની સાંઠમારીનો હાથો બનતો ગયો. એની પાછળ આ વર્ગનો સ્વાર્થ એટલો જ કે પાછળ છૂટી ગયેલા સામંતશાહી જીવનના વિવિધ આયામોને તત્કાલીન નિયતિ સાથે મોતમાં લાવી શકાય. ભા સાહેબ આવા વર્ગનું પ્રતીક છે. તખુના બાપુ અને દાડિયો પાંચો ભા સાહેબ દ્વારા શોષણ પામ્યા છે. ભા સાહેબના શોષણ-દમનનો તખુ-પાંચાને કશો ખ્યાલ નથી એવું આપણને લાગે પરંતુ ભા સાહેબના થ્રેસરને ગાડામાંથી ઉતારતી વખતે જે રીતે અચાનક પાંચા તરફથી ધક્કો આવે છે અને થ્રેસરનો હાથો ‘મરડાઈ’ જાય છે એથી વાચક સ્તબ્ધ થઈ જાય છે. અહીં થ્રેસરથી ચગદાતો તખુનો અંગૂઠો અને ખાતાવહીમાં – ભાસાહેબની બદદાનતમાં ઉધારાઈ ગયેલો પાંચાનો અંગૂઠો સરખી વેદનાને વ્યસ્ત કરે છે. ‘રજોટી’માં ગામલોકો માને છે કે ભા સાહેબે આણેલું થ્રેસર પોતાને પણ ક્યારેક કામ આવશે. પરંતુ એ આશા ઠગારી નીવડે છે. ભા સાહેબથી ત્રસ્ત થયેલા લોકોનો આક્રોશ તખુમાં સંક્રમણ પામી અંતે ભા સાહેબના અનપેક્ષિત વર્તનમાં ખોવાઈ જાય છે. વાર્તામાં થ્રેસરથી ઊડતી રજોટી અને થ્રેસરની કામગીરીના વર્ણનમાં વાર્તાકારે સારી કલ્પનાશક્તિ કામે લગાડી છે. ‘રીવેટ’ બાળપણના બે મિત્રમાં સમય જતાં આર્થિક સધ્ધરતાએ લાવી દીધેલા વર્ગભેદ ને વૈરભાવને વ્યક્ત કરે છે. આ વાર્તામાં ભા સાહેબના શોષણખોર અને અમાનુષી વ્યક્તિત્વનો જરા વધુ પરિચય મળે છે, એથી વિશેષ કશું નહીં. આ વાર્તાની તુલનાએ આગળની બે વાર્તા વધુ સક્ષમ છે. ‘ઢૂંટી’ વાર્તામાં ઘર વેચવાની પેરવીમાં પડેલાં પુત્રોને જોઈ આઘાતમાં સરી પડેલા બાને ભાનમાં લાવવાના પ્રયત્નોમાં મુકાતા ભાઈઓ આ પરિસ્થિતિમાં અરસપરસના અતીતની પડખેય મુકાય છે. વાર્તાની વિશેષતા એનાં ત્રણ કથનકેન્દ્ર છે. તખુના મુખે બે વાર અને બાધર-ખુમાનના મુખે એક-એક વાર વાર્તાકથન થયું છે. બાને લઈને દવાખાનેથી પાછા ફરતા ભાઈઓ એક પછી એક, બા પાસેથી છટકતા જાય છે. આ વાર્તામાં બધું માંડીને કહેતા હોવા છતાં લેખકે મા પ્રત્યેના પુત્રોના વર્તનનું ચિત્ર જે ભાવાત્મક તટસ્થતાથી દોરાયું છે એને કારણે આ એક સારી વાર્તા બની આવી છે. આ ઉપરાંત ‘નખ’, ‘ખરજવું’ સંગ્રહની અન્ય વાર્તાઓ છે.

'તખુની વાર્તા'માં કલ્પન-પ્રતીકનો વિનિયોગ મુખ્ય વાર્તાપ્રયુક્તિ બની રહે છે. વૈયક્તિક સંવેદનાનું બાહુલ્ય ધરાવતી આ વાર્તાઓ અંતર્મનનાં નિરીક્ષણોથી વિશેષ પરિવેશના નિરૂપણ ઉપર નિર્ભર છે. આખા સંગ્રહમાં વસ્તુ-પરિવેશસંદર્ભે અલગ પડી જતી 'અંગૂઠો' અને 'રજોટી' વાર્તાઓ જોતાં જણાય છે કે વાર્તાકાર ભવિષ્યમાં આવી કંઈક બિનઅંગત વાર્તાઓ આપશે, આપવી જોઈએ. આ સંગ્રહની બારે વાર્તામાં સામાન્યતઃ કુટુંબ-સમાજજીવનના તણાવો, એક તરફ વતન તરફની ખેંચતાણ અને બીજી બાજુ અનુભવાતા ઉપેક્ષા-અતડાપણું, ભાઈઓ-સ્વજનો વચ્ચે ગૂપચૂપ બેસી ગયેલો ભૌતિકવાદ અને પ્રગટતાં સંકુચિત મનોવલણો પરિવેશના ખાસા સંકુલ ચિત્રણથી ઘણાં પ્રતીતિકર બન્યાં છે. વાર્તાકારે વસ્તુસામગ્રીની ભરમાર ખડકી સંવેદનાને વળ ચડાવવાનો પ્રયાસ કર્યો છે. કલ્પન-પ્રતીકો આ માટે કારગત નીવડી આવ્યાં છે જરૂર, પણ બધી જગ્યાએ એ પ્રભાવક પરિણામ નથી આપી શક્યા એય નોંધવું રહ્યું. ઘટનાવિકાસમાં આ વાર્તાકાર કલ્પનપ્રતીકનો આશ્રય લે છે તો કથન-ભાષા અન્વયે બોલીનો. આ વાર્તાઓમાં સૂરત – માંડવી – કીમ વિસ્તારની બોલી યોજાઈ છે એનો અદ્દલ સ્વાદ પણ મળે છે.

તખુનું એક અલગ વ્યક્તિત્વ સાથે, ઘર-વતન પ્રત્યેના અપેક્ષિત નિર્વ્યાજ ભાવ મશે ટકવું કેટલું દુષ્કર અને ભીંસ આપનાર છે એ આ વાર્તાઓ વાંચતાં પમાય છે. ઉદારીકરણે, યાંત્રિકીકરણે, બજારીકરણે માનવીય સંવેદનાને ગજા પ્રમાણે વેતરવા માંડી છે. જીવનપ્રણાલી બદલાતાં રૂઢ માનવ આ જગતમાં ગોઠવાઈ શકતો નથી. વાર્તાઓમાં ઉલ્લેખાતાં સોફ્રામાઇસીન ટ્યૂબ, ટી.વી. સિરિયલો, છાપાં, સ્પ્રે, ડૉનેશન, બૅંકલોન, ખેતીલોન, સ્કૂલ એડમિશન, નર્મદા યોજના, હાઇવેના સાઇનબોર્ડ, હૉર્ડિંગ્સ, કૉલગેટ, શિકાકાઈ, શેમ્પૂ બદલાતા જગતના સંકેતો છે. જીવનસંદર્ભે સામાજિક-વ્યક્તિગત મૂલ્યોમાં આવેલો બદલાવ, લેખકને અંગત જીવનના અનુભવો યથાતથ રજૂ કરવાનો રસ્તો બનાવી રહ્યો છે ત્યારે અન્ય લેખકોની જેમ આ લેખક પણ એમાંથી બાકાત નથી રહ્યા. એકસાથે આ વાર્તાઓ વાંચતાં, લગભગ એક જ વાતાવરણ, એક જ પાત્રો, અલબત્ત જુદી જુદી તાસીરનાં, એકસરખી પાત્રબોલી, સંવેદનાજગત, વિષયવસ્તુ, નિરૂપણનીતિ વગેરેની એકવિધતા લાગી શકે. એમ છતાં, આ સંગ્રહના પ્રકાશન દ્વારા એક સશક્ત વાર્તાકાર આપણા વાર્તાસાહિત્યમાં પોતાનો માગ લે છે એ હરખાવાની વાત કહેવાય.